## _મહે.સુરતના ચોથા એડી.સિવિલ જજ અને જે.એમ.એફ.સી.કોર્ટ,સુરત

-

**ફોજદારી કેસ નં.–**
આંક–

ફરીયાદીઃ શ્રી સરકાર
વિરૂદ્ધ
આરોપીઃ

## ગુનોઃ જુગારધારા એકટની કલમઃ ૧૨ એ મુજબ.

**–// ચુકા દો //–**

**૧.** ફરીયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીઓ સામે ઉપરોકત ગુનાનું તહોમતનામુ છે. આરોપીઓ અદાલત સમક્ષ હાજર થતા પોલીસ પેપર્સની નકલો આપ્યા બાદ તેઓ પોતાનો ગુનો કબુલ કરવા માંગતા હોય તે મુજબની કબુલાત પુરસીસ રજુ કરતા તેઓની સામેના ગુના અંગે પ્લી રેકર્ડ કરી ગુનાની હકીકત વાંચી, સંભળાવી સમજાવતા આરોપીઓએ ગુનાની સ્વખુશી કબુલાત કરેલ હોય જે આરોપીઓની કબુલાત ન માનવાને કોઇ કારણ નથી. આરોપીઓને ગુના અંગે તકસીરવાર ઠરાવી સજા અંગે પુછથા આરોપીઓ ગરીબ માણસ છે. આ પ્રથમ ગુનો છે, થયેલ ભુલ બદલ પસ્તાવો વ્યકત કરી હવે પછી આવી ભુલ નહી થાય તેની ખાતરી આપે છે તેમજ પોતાની ભુલ બદલ હળવી સજા કરવા અંગે અરજ ગુજારેલ છે. ઉપરોકત સંજોગો, ગુનાની હકીકત અને સજાની જોગવાઈ જોતાં ન્યાયના હીતમાં આરોપીઓની કબુલાત સ્વિકારી નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–ઃ હુકમ ઃ–**

આ કામના પ્રત્યેક આરોપીઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમઃ૨૫૨ અન્વયે જુગારધારા એકટની કલમઃ ૧૨ મુજબના શિક્ષાપાત્ર ગુના માટે તકસીરવાર ઠરાવવામાં આવે છે. પ્રત્યેક આરોપીને રૂા.૩૦૦/– લેખે (રૂા. ત્રણ સો પુરા) નો દંડ કરવામાં આવે છે, જો આરોપી દંડ ન ભરે તો દિન –૧ (એક) ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

**મુદ્દામાલ પાવતીમાં જણાવેલ કબજે લેવામાં આવેલ મુદ્દામાલ બાબતે આરોપીઓની અંગ ઝડતીના તથા દાવ ઉપરના રોકડા રૂપિયા આરોપીઓએ "નો ક્લેઈમ પુરસીસ" આપેલ હોય, તે સરકાર ખાલસા કરવાનો હુકમ કરવામાં આવે છે.** ગંજી પાના જેની કિંમત રૂા.૦/૦૦ જેનો નાશ કરવો. મુદ્દામાલ વાહન, મોબાઈલ ફોન વિગેરે જો વેલ્યુએબલ મુદ્દામાલ કબજે કરેલ હોય તે અંગે ઈન્કવાયરી કરી માલિકી અંગે ખરાઈ કરી પરત કરવું. આ અંગે આ અગાઉ હુકમ કરેલ હોય તો તે કાયમ રાખવો. જુગારધારા અન્વયે નોન વેલ્યુએબલ મુદ્દામાલ અપીલ સમય વિત્યા બાદ નિયમ મુજબ નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તા.14.09.2024 ના રોજ લોક અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સ્થળઃ સુરત.

આકાર એલ. ત્રિવેદી
ત્રીજા અધિક સીવીલ જજ અને
જયુડીશીયલ મેજીસ્ટ્રેટ, ફસ્ટ કલાસ, સુરત